## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

(રજત જયંતી વર્ષ)

પોતાના મતના સ્વાર્થમાં, બફાટ થઈ જાય છે!
સંકુચિત વિચારોની અભિવ્યક્તિ થઈ જાય છે!
ફફળાટ થઈ જાય છે ઐક્યના કબૂતરોમાં -
કોમી એકતાની સૂલેહમાં ફાટ થઈ જાય છે!

### હાઈકુ

ગંભીરપણે -
સાચવવું જરૂરી
પદ-ગૌરવ !

તણાવું નહીં -
ઉત્સાહના પ્રવાહે -
બચો વમળે

### ચિંતન

**મા નો હેતિર્વિવસ્ત આદિત્યાઃ કૃત્રિમા શરુ : ।**
**પુરા નુ જરસો વધીત ॥**

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત પદાવલિમાંથી લેવામાં આવેલ છે.

આપણું જીવન એવું હોવું જોઈએ કે આપણે પૂર્ણ આયુષ્ય ભોગવીએ. આપણું અકાળ મૃત્યુ ન થાય એ માટે આપણે સંયમપૂર્વક જીવન વિતાવીએ.

શરીર અને મન પોતપોતાના ખોરાક દ્વારા શક્તિઓનું સતત સર્જન કરતાં રહે છે, તેના લીધે આપણું સામર્થ્ય જળવાઈ રહે છે. આ શક્તિના ભંડારને જો વ્યય થતું બચાવીને રચનાત્મક દિશામાં વાપરી શકાય તો કોઈ પણ ક્ષેત્રમાં ઈચ્છિત પ્રગતિ કરી શકાય છે. સંયમનો અર્થ છે શક્તિના અપવ્યયને રોકવો. આ અપવ્યય મોટાભાગે આપણી ઈન્દ્રિયો દ્વારા જ થાય છે.

આપણે આપણી મૂલ્યવાન શક્તિઓના વ્યય કતા રહીએ છીએ એટલે ઈશ્વરે આપેલી શક્તિનો અખૂટ ભંડાર વ્યર્થ સાબિત થાય છે. છેવટે અશક્તિ, અસફળ અને રોગિષ્ઠ જીવન જીવીને દિવસો પૂરા કરીએ છીએ.

### સુવિચાર

- ધીમા ના દહેરાં, ને ઉતાવળાના પાળિયા - **ગુજરાતી કહેવત**
- નરમાઈ બતાવ પણ એટલી બધી નહીં કે તીક્ષ્ણ દાંત ધરાવનાર વરુ હિમ્મતવાન બને - **વિચારદીપ**
- જીભ મીઠાશથી થાકે છે, કાન કયારેય નથી થાકતા - **સંત રોબિન**
- હજારો ગાયોમાં જેમ, વાછરડી માને ઓળખે, તેમ પૂર્વે કર્યા કર્મો, તેના કર્તાને ઓળખે - **એસ. ભટ્ટાચાર્ય**
- કેટલું ભણ્યાં તે નહિ, કેવું ભણ્યા તે મહત્ત્વનું છે; કેટલું સાંભળ્યું તે નહિં, કેટલું સમજ્યા તે મહત્ત્વનું છે - **રોહિત પટેલ**
- ગુસ્સો કયારેય યોગ્યમાં યોગ્ય અને ડાહ્યામાં ડાહ્યા વ્યક્તિને પણ મૂર્ખ બનાવી દે છે - **લા રોશફુકોલ્ડ**
- આજનું ઔષધ : કડવા લીમડાના પાન સાથે બોરડીના પાન ને પાણીમાં ખૂબ ઉકાળી ઠંડુ પડે પછી તે વાળ પર લગાડવું આમ લાંબો સમય કરવાથી નવા વાળ ઉગે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અંગ્રેજોના સમયમાં એક કર્નલને ભારતીય સેનામાં જોડાવાનું થયું. તેમને અહીંની ગરમ હવા માફક ન આવતા બીમાર પડ્યા. ડોકટર પાસે ગયા. ડૉકટરે લોહી પેશાબના નમુના લઈ ઘરે આરામ રવાની સૂચના આપી કહ્યું, 'હું મારા કંપાઉન્ડર પાસે પરેજી શું પાળવી વગેરે સૂચના તમને આજે સાંજે મોકલાવી દઈશ.' સાંજે કમ્પાઉન્ડરે એક ચિઠ્ઠી આપી જે વાંચીને કર્નલના હાથ પગ ધ્રુજવા લાગ્યા. ચક્કર આવ્યા. કારણ કે ચિઠ્ઠીમાં લખ્યું હતું કે... 'તમારી અવસ્થા ખૂબ બગડી ગઈ છે. એક જ ફેફસું બાકી છે. હૃદય ગમે ત્યારે બંધ પડી જશે. કોઈને તાર કરીને બોલાવી લેજો.' બીજા દિવસ સુધીમાં તો કર્નલની દશા અતિ ખરાબ થઈ ગઈ. કર્નલનો સર્વન્ટ દોડતો ડૉકટર પાસે ગયો અને કહ્યું, 'ડૉકટર સાહેબ જલ્દી ચાલો, આ કર્નલ સાહેબ આજે સાંજ પહેલા સંસાર છોડી જશે.' ડૉકટરે આવીને સંપૂર્ણ તપાસ કરી પૂછ્યું, 'કર્નલ, આપ ગઈ કાલે તો થોડા ઘણા સ્વસ્થ હતા? આજે અચાનક શું થયું.' કર્નલે કહ્યું, 'તમે જ મને જે ચિઠ્ઠી મોકલી હતી તે આપ જરા વાંચો.' ડૉકટરે ચિઠ્ઠી વાંચી અને હસીને બોલ્યા, 'આ ચિઠ્ઠી એક બીજા પેશન્ટની છે જેને વરસોથી ટી.બી. છે. તમને તો સામાન્ય લુ લાગી છે. એવું તમારી લોહી - પેશાબની તપાસ કહે છે.' હવે કર્નલ પથારીમાંથી ઊભા થઈ નાચવા લાગ્યા. આંખોમાં ચમક અને ચહેરા પર રોનક પાછી આવી ગઈ. સાર એ છે કે આવી છે વિચારોની શક્તિ. કે જે સામાન્ય બિમારને સ્વર્ગના દ્વારે પહોંચાડી દે.

# શિક્ષકને ગુરુની ઊંચાઈએ સ્થાપવાની જરૂર

તંત્રીસ્થાનેથી...

બીજા દેશો કરતાં આપણા દેશમાં શિક્ષકને શરૂથી જ વધારે મહત્ત્વ મળતું રહ્યું છે. પ્રાચીન કાળણાં શિક્ષક માટે 'ગુરુ' શબ્દ વપરાતો હતો અને શાળા માટે ગુરુકુળ. ગુરુનો અર્થ છે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જનાર. ગુરુનો અર્થ મોટો માણસ પણ થાય છે. ગુરુ એટલે વજનદાર, વજૂદદાર, ભારે. ગ્રહોમાં ગુરુ જ સૂર્ય પછી સૌથી વધારે આદરપાત્ર ગ્રહ ગણાયો છે. શિક્ષક શબ્દ 'શિક્ષા આપનાર'ના અર્થમાં પ્રયુક્ત થાય છે. એનો અંગ્રેજી પર્યાય 'ટીચર' છે. અંગ્રેજીમાં ગુરુનો સમોવડિયો શબ્દ છે 'પ્રીચર' - જે ધાર્મિક ઉપદેશ આપે છે તે. બીજો એક શબ્દ છે 'મેન્ટર'- ઘડવૈયો. કબીરજીએ ગુરુને ઘડવૈયો જ ગણાવેલ છે :

ગુરુ કુમ્હાર સીસ કુંભ હૈ
ગઢ ગઢ કાઢે ખોટ।
અંદર હાથ સહાર દે
બાહર બાહે ચોટ ॥

આપણે તો યુગોથી મહાભારતકાર ભગવાન વેદ વ્યાસના પ્રાગટ્ય પર્વને 'ગુરુ પૂર્ણિમા' તરીકે ઊજવાતા આવ્યા છીએ. પણ એ દિવસનો આધ્યાત્મિક સંદર્ભ આપણા વિદ્યાગુરુઓને લાગુ પડતો નથી. એ ગુરુ તો પહોંચેલી હસ્તી હોય. એના તાર અસ્તિત્વ સાથે જોડાયેલા હોય. આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન મહાન શિક્ષક હતા, ફિલસૂફ હતા. એમણે ભારતીય તત્ત્વજ્ઞાનને વૈશ્વિક આયામ આપી આપણી સાંસ્કૃતિક મહત્તા પ્રસ્થાપિત કરી છે. પંડિત જવાહરલાલ નહેરુ દીર્ઘદૃષ્ટા હતા. ભારતના રાષ્ટ્રપતિ કોઈ પાર્ટીના પિઠ્ઠુ ન હોવા જોઈએ. એ સ્વતંત્ર વિચારધારા અને ખુલ્લું માનસ ધરાવનાર આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવનાર પ્રતિભા હોવા જોઈએ. પંડિત નહેરુ એથી સ્તો રાષ્ટ્રપતિ તરીકે ડૉ. રાધાકૃષ્ણનૂને સ્થાપિત કરવા માગતા હતા. પરંતુ તત્કાલીન કોંગ્રેસ પક્ષમાં હિંદીભાષી નેતાઓની બોલબાલા હતી. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ વિદ્વાન ધારાશાસ્ત્રી અને ગાંધી વિચારને સાંગોપાંગ પચાવનારા લોકનેતા હતા. એથી એમને રાષ્ટ્રપતિ પદે બેસાડ્યા અને ડૉ. રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ બન્યા અને પ્રખર શિક્ષણ શાસ્ત્રી ડૉ. ઝાકીર હુસેન ઉપરાષ્ટ્રપતિ. રાધાકૃષ્ણનના જન્મદિવસને કેન્દ્ર સરકારે 'શિક્ષક દિવસ' તરીકે ઊજવવાનો સંકલ્પ કર્યો જે ઉચિત જ હતો. રાધાકૃષ્ણન પોતે મહાન શિક્ષક હતા. એવા જ બીજા એક શિક્ષક રાષ્ટ્રપતિ આપણને અટલ બિહારી વાજપેયીના શાસનકાળમાં સાંપડ્યા : એપીજે અબ્દુલ કલામ. એવી વિભૂતિઓથી આપણે ઊજળા છીએ. પરંતુ આપણો શિક્ષક શું એમના નકશા કદમ પર ચાલી શક્યો છે ? બહુ જ ઈમાનદારીપૂર્વક જવાબ આપીએ તો એનો જવાબ 'ના' જ હશે. આપણા શિક્ષકના નીચે ઊતરી ગયેલા સ્તર માટે ફક્ત શિક્ષક પોતે જ જવાબદાર નથી. સમાજ અને સરકારે એને 'શિક્ષક' રહેવા જ નથી દીધો. આમ જુઓ તો એ પેઢીઓની પેઢીઓનો ઘડવૈયો છે પણ આપણે એને ત્રીજા વર્ગના કર્મચારી 'માસ્તર' બનાવી દીધો છે. આપણા શિક્ષણમંત્રી પોતે કયારેક શિક્ષક હતા એટલે તેઓ એમના જાતભાઈની વેદના સમજે છે. શિક્ષકને આપણે શિક્ષણનું જ કામ કરવા દઈએ છીએ ખરાં ? એને તો એના વિદ્યાર્થીઓ વચ્ચે જ રહેવું છે, એમને ભણાવવા છે. પણ સરકારે એને 'સબ બંદર કા વેપારી' બનાવી દીધો છે. વસતિ ગણતરી હોય કે ચૂંટણી હોય - શિક્ષકને એમાં જોતરી દેવાય છે, ફરજિયાત પણે ! નેતાઓ માટે ઓડિયંસ ભેગું કરવાની જવાબદારી પણ એની, રસીકરણનો સરવે પણ એને કરવાનો. પછી એ બિચારો ક્યાંથી ભણાવે ! નવી શિક્ષણનીતિમાં તો શિક્ષકને નવી ટેકનોલોજીથી સજ્જ કરી વિદ્યાર્થી પાસે મોકલવાની વાત છે. કાચા કુમળા, કોરી સ્ટેલ જેવા વિદ્યાર્થી માટે એનાં મા-બાપ કે રાજયના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન કરતાં એનો શિક્ષક વધારે મહત્ત્વની વ્યક્તિ છે. એને માટે એ જ રોલ મોડેલ છે. જાપાનમાં પ્રાથમિક શિક્ષકને યુનિવર્સિટીના પ્રોફેસર કરતાં વધારે મહત્ત્વની વ્યક્તિ ગણવામાં આવે છે. આપણે શિક્ષકને 'સરકારી કર્મચારી વર્ગ-૩' બનાવી દીધો છે. શિક્ષક દિવસ દર વર્ષે આવે છે અને જાય છે. થોડા શિક્ષકોને સન્માન આપવાથી શિક્ષકની ગરિમા સચવાઈ ગઈ એવાં ભ્રમમાં રહેવા જેવું નથી. આપણે શિક્ષકને એની સાચી ઓળખ ઉપલબ્ધ નહીં કરાવીએ ત્યાં સુધી એને ગુરુની ગરિમા સાંપડવાની નથી.

# સ્મિત એ જીવનનો સૌથી મોટો પુરસ્કાર છે !

આરપાર
રાઘવજી માધડ

એકવાર શેઠની બિલાડી બીમાર પડી. દવાખાને લઇ જવામાં આવી.ડોકટરે જોઈ,તપાસી દવા લખી આપી...ને શેઠાણી બિલાડીને બાળકના માફક દવા પીવડાવવા બેઠાં.જુદાજુદા પાત્રમાં લઇ દવા પીવડા વવાનો પ્રયાસ કર્યો પણ બિલાડી કોઈ રીતે દવા પીવે નહીં.શેઠાણી કંટાળીને બિલાડી સાથે બળપ્રયોગ કરવા લાગ્યા.તેમાં હાથમાંથી દવાની બોટલ છટકીને નીચે પડી દવા ઢોળાઈ ગઈ.આ વેળાએ બિલાડી છલાંગ મારી, ઢળેલી દવાને ચપ...ચપ...ચાંટવા લાગી.ત્યારે ચતુર શેઠાણી સમજાયું : બિલાડીને દવા સામે વાંધો નહોતો પણ દવા પીવડાવવાની રીત સામે વાંધો હતો !

આ કથા-પ્રસંગ એટલા માટે યાદ આવ્યો કે,કોરોનાના લાંબા કાળ પછી સ્કૂલો શરુ થવામાં છે. અપેક્ષા હતી કે પ્રથમ દિવસે શાળાઓ ઊભરાવા લાગશે,બાળકોના કલરવ અને શોરબકોરથી ખંડેર ભાસતા ભવ્ય બિલ્ડીંગો જીવંત થઇ ઉઠશે. પણ એવું બન્યું નથી.પાંખી ને ઝાંખી હાજરી રહી છે.જો કે તેમાં કારણભૂત કોરોનાનાઓ ડર હોઈ શકે એવું માની લેવામાં હરકત સરીખું નથી.પણ મોટાભાગના વિદ્યાર્થીઓને શાળામાં જવું ગમતું નથી ! એ સર્વવિદિત છે. કયારેક બાળકોની શાળામાં જતી વેળાની ગતિ ને સાંજે છૂટ્યા વેળા ગતિ જોવી...અહીં 'છૂટવું' ને 'વછૂટવું' શબ્દોના અર્થ બરાબર સમજાય જશે.છૂટતાં સમયે તે રીતસરના દોટ દઈ શાળા બહાર નીકળી જાય છે. કારણ કે પોતાને ગમતું હોય તે મળતું નથી ને મળે છે ગમતું નથી !

અંતરાલ પછી બાળક શાળામાં આવ્યો છે,અમુક આવશે.ત્યારે તેને કેવી રીતે આ માહિતીરૂપી દવા નો ડોઝ લેવો,પીવો ફાવશે તે શિક્ષકે જોવું કે કાળજીપૂર્વક વિચારવું પડશે.દરરોજ હાથવગી ચમસીથી ડોઝ આપવાની કરામત કદાચ કામયાબ ન પણ નીવડે ! પહેલાતો બાળકને શાળામાં આવવું ગમે, શાળામાં સાંજ સુધી સ્થિર થવું ગમે ને પછી ભણવું ગમે...એવા નવોન્મેષ વાતાવરણનું નિર્માણ કરવું પડશે. આજે શિક્ષક દિન છે.ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિનને,શિક્ષક દિન તરીકે ઘોષિત કરી,દેશ ભરમાં ઉજવવામાં આવે છે. વિશ્વના ઘણાં દેશો શિક્ષક દિન ઉજવે છે. પણ ભારત માટે આ દિનનું વિશેષ મહત્વ એટલા માટે છે કે, અહીં શિક્ષક એ માત્ર 'ટીચર'નથી પણ તેમનામાં ગુરુપદ ગરિમાનો ગુણોત્તર થાય કે ઉમેરાય છે. ભારતીય ધાર્મિક,સાંસ્કૃત્તિક પરંપરામાં ગુરુનો મહિમા મોટો છે.ગુરુ વગરની વ્યક્તિને 'નુગરો' કહેવામાં આવે છે.જે અપમાનજનક અપશબ્દ ગણાય છે.અભણ પણ ગુરુધારણા લીધા વગરનો હોતો નથી.

શિક્ષકને વર્ગખંડનો બાદશાહ કહ્યો છે.'દર્શકલ્પ કહે છે:સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગખંડમાં લઇ આવતો હોય છે.મારા મતેતો શિક્ષક વ્યક્તિ નહીં પણ વ્યક્તિત્વ છે.સ્વમાંથી સમ વિષ્ટ તરફ ગતિ કરતો ને કરાવતો હોય છે. આજે હું જે કાંઈ છું તે મારા શિક્ષકોને આભારી છું ! શિક્ષણમાં ઉત્તમોત્તમ કાર્ય કરનાર અથવા વિશેષને વિશિષ્ઠ યોગદાન આપનાર શિક્ષકોને આજે રાજ્ય ને રાષ્ટ્રીયકક્ષાએ સન્માનિત કરવામાં આવશે.જેમાં આપણા સૌનું ગર્વ ને સન્માન સમાયેલું હોય છે.

હવેતો તાલુકા અને જિલ્લાકક્ષાએથી પણ આવા સન્માનની શરૂઆત થઇ છે.કક્ષા કોઈપણ હોય, સારું કાર્ય કરનારની કદર થાય તે ઉત્તમ કાર્ય છે.પણ દરેક એવોર્ડની એક ગરિમા ને ગૌરવ હોય છે.તે જળવાવું જોઈએ.પસંદગીમાં કયાંક,કોઈક જગ્યાએ સહેજ અમથી પણ કચાશ રહી જાયતો ભારે અનર્થ સર્જાય છે. એવોર્ડની ઉંચાઈ કડડભૂસ કરતી નીચે આવે છે. ઈચ્છીએ આવું ક્યાંય ને કયારેય ન બને !

વોટ્સએપમાં કોઈ એક શિક્ષકની પોસ્ટ હતી:મેં ચાર વાર જિલ્લાકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક હોવાની દર ખાસ્ત કરી...પણ મને નિષ્ફળતા મળી.પણ મારા માટે મારા વિદ્યાર્થીઓનું સ્મિત એ જીવનનો સૌથી મોટો પુરસ્કાર છે. હું જીવનભર વિદ્યાર્થીઓ માટે જ કામ કરતો રહીશ... આ શિક્ષકને, શિક્ષક દિને વંદન કરું છું. અને એવોર્ડ મળ્યા પછી, આ એવોર્ડી શિક્ષકના કાર્યમાં કાંઈ ઉમેરો થયો છે, પ્રોત્સાહન લેખે લાગ્યું છે કે નહીં... તે પણ જોવું, તપાસવું જોઈએ !

**છેલ્લે :**

આપણી જીત માટે સઘળું હારી જનાર પિતા અને પ્રાર્થના કરનાર માતાને ક્યારેય ભૂલવાં ન જોઈએ !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# તાલિબાની રાજ અને વિશ્વમાં આતંકી વિશ્વયુદ્ધનો આરંભ?

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

અફઘાનિસ્તાનની બદલાતી સ્થિતિ અને તાલિબાની હકૂમતને કારણે આજે આખા વિશ્વની નજર અફઘાનિસ્તાન ઉપર છે કે હવે તાલિબાનીઓ શું કરશે ? સૌ પ્રથમ તો વિશ્વના સુપર પાવર દેશોની એ કેવી કરૂણતા છે કે જેઓ વિશ્વમાં સર્વત્ર શાંતિ સ્થાપવા ઈચ્છે છે તે બધા દેશો આજે અફઘાનિસ્તાનના કરોડો લોકોને તાલિબાનીઓના આતંક નીચે ડરતા, થરથરતા જીવતા ચૂપચાપ જોઈ રહ્યા છે અને આતંકી તાલિબાનીઓ આજે છેલ્લા વીસેક દિવસથી અફઘાનિસ્તાનમાં આતંક મચાવી રહ્યા છે. જે આતંકીઓએ અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના બે ટાવરોને વિમાની ધમાકાથી ઉડાવી દીધા હતા એ જ આતંકીઓ આજે ચીન, પાકિસ્તાન અને અમેરિકાના સહયોગથી અફઘાનિસ્તાન ઉપર ચડાઈ કરીને સત્તા હાસિલ કરી ચૂક્યા છે. આજે ત્યાં આમ પ્રજાની સ્થિતિ એવી છે કે સતત મૃત્યુના ભયના ઓથાર નીચે જીવી રહી છે. ઘરની બહાર નીકળે તો તાલિબાની આતંકીઓ ક્યારે ગોળીઓ મારી દે એ નક્કી નથી. આજે લાખો કરોડો બાળકો અને સ્ત્રીઓ દિવસોના દિવસોથી ખાધા પીધા વિના ઘરમાં પુરાઈને જીવી રહ્યા છે. છતા પૈસે આજે બેંકોમાંથી પોતાના પૈસા ઉઠાવી શકતા નથી. ઘરમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ ખૂંટી ગઈ છે. નવી ખરીદવા માટે પૈસા નથી. આખા દેશના તમામ નાગરિકોને પોતાનો દેશ છોડીને બીજા દેશ ઈરાન, ભારત, કેનેડા કે અમેરિકામાં જતા રહેવું છે. પણ હવે વિમાની સેવા તાલિબાનીઓના હાથમાં આવી ગઈ છે. અમેરિકાના સૈનિકો પલાયન થઈ ગયા છે. જે તાલિબાનીઓ જંગલોમાં, પહાડોમાં છૂપાઈને જીવતા હતા, જેમને બે ટાઈમ જમવાનું પણ માંડમાંડ મળતું હતું તેઓને આજે ૩૨ પકવાન અને ૫૬ ભોગ મળી રહ્યા છે. બધા ખૂલી એ.કે.૫૬ લઈને બજારોમાં ફરે છે. આખા દેશના તમામ નોકરિયાતો ઉપર સંકટ આવી ગયું છે. નોકરીએ જાય તો જાનનું જોખમ અને ના જાય તો પણ જાનનું જોખમ અને પગાર કોણ આપશે એવો પ્રશ્ન તો ખરો જ વળી હવે નોકરી રહેશે કે કેમ ? એનો ભય પણ ખરો. આવી સ્થિતિ છે ત્યાંના નાગરિકોની. હિંદુસ્તાનમાં આવું થાય તો આપણા સૌની શું હાલત થશે ? એવું એકાદ વાર આપણે પણ વિચારવું જોઈએ.

વિશ્વ આખું કોરોનાના સકંજામાંથી હજી માંડ માંડ બેઠું થઈ રહ્યું છે. મહામૃત્યુના ભયમાંથી બહાર આવી રહ્યું છે. ત્યા આ તાલિબાની આતંકીઓનો ભય ઊભો થયો. કેમ કે હવે તો તાલિબાનીઓ વધુ સક્ષમ બની ગયા છે. અત્યાધૂનિક હથિયારો અને બખ્તરબંધ ગાડીઓ, ટેંકો અને મિસાઈલો તેમના હાથમાં આવી ગયા છે. સૌથી મોટુ જોખમ આજુબાજુના નાના નાના દેશોને છે. અને ભારત પણ એ ભયમાંથી બાકાત નથી. જો આ તાલિબાની સરકાર બે ત્રણ વર્ષ પણ ટકી ગઈ તો આખા વિશ્વ માટે જોખમ ઊભૂં થવાનું છે એ નક્કી છે. કેમ કે પાકિસ્તાન અને ચીન તો રાહ જોઈને જ બેઠા છે કે તાલિબાનીઓ જલદી સરકાર બનાવે અને પોતે એમની પડખે જઈને બેસી જાય. કેમ કે ચીનને સુપર પાવર બનવા માટે અમેરિકાને હરાવવું છે અને પાકિસ્તાને હિંદુસ્તાનને. પણ આ બન્ને દેશ મૂર્ખ છે કેમ કે ચીન જાણતું નથી કે અમેરિકા ખૂદ એની શરતે તાલિબાનીઓ સાથે અગાઉથી મળીને ત્યાંથી હટી ગયું છે. જેનું ખૂબ મોટું નૂકસાન આવનારા સમયમાં ચીને જ થવાનું છે, અને પાકિસ્તાનને તો અફઘાનિસ્તાન જ ગળી જવાનું છે. ખાઈ જવાનું છે. એના અસ્તિત્વ સામે સવાલો ઊભા થવાના છે.

તાલિબાની સરકાર બનશે એટલે ત્યાર પછી સૌ દેશોએ સતત પોતાની નજર એની ઉપર રાખવી પડશે. કેમ કે આ તો આતંકી જાત છે. ગમે ત્યારે હાથમાં એ.કે,૫૬, મિસાઈલ લઈને નીકળી પડશે. અને ગમે તેની દુકાનનો, સ્ત્રીનો કબજો લઈ લેશે. અને જો વિરોધ કર્યો તો સીધા જ સ્વર્ગમાં. ઈશ્વર સાથે મુલાકાત. જો કે વિશ્વને એક જ ચિંતા છે કે પાકિસ્તાન પાસે અણું હથિયારો છે. જો તે તાલિબાનીઓના હાથમાં આવી ગયા તો તેને અમેરિકા ઉપર કે ભારત ઉપર ફેંકતા સહેજેય વિચાર નહીં કરે. આ જ તાલિબાનીઓ હાથમાં હથિયાર લઈને ખૂલ્લી ગાડીમાં ફરીને લોકોને નહીં ડરવાનું કહે છે. પણ લોકોને સહેજેય ભરોસો નથી. કેમ કે આજે ત્યાં કોઈની નોકરી, સંપતિ, ઘર કે બંગલો, પત્ની કે દીકરી કે દુકાન કે પ્રોપર્ટી... કશું જ સલામત નથી, આ બધુ ગમે ત્યારે ગુમાવી શકે છે.. જો આવું હિંદુસ્તાનમાં થાય તો ? મોટાભાગની એમ્બેસીઓએ પોતાની ઓફિસો અફઘાનિસ્તાનમાં બંધ કરી દીધી છે. અમેરિકી સેના હટી ગઈ છે. હવે કોઈ વિશાળ શહેરમાં દારુ પીને ગોરિલા વાંદરાઓ આતંક મચાવે એમ આ તાલિબાનો મન ફાવે એમ આતંક મચાવશે. હવે મજાની વાત એ છે કે આતંકીઓ ઉપર બીજા આતંકીઓ હૂમલાઓ કરી રહ્યા છે ત્યારે આ તાલિબાનીઓને ખબર પડશે કે આતંકી હૂમલાઓથી કેવું થતું હોય છે. હવે આતંકીઓ મંત્રીઓ બનશે અને એમની સુરક્ષા એમના જ આતંકીઓ કરશે.

જો કે આ અફઘાનિસ્તાનની ઘટનાને બધા ભલે આપના મહાભારતના ગાંધારીના શ્રાપનું કારણ માનતા હોય પણ એક રીતે જે થયું છે એ સારા માટે થયું છે. કેમ કે હવે આતંકી સંગઠનો વચ્ચે જ ગેંગવૉર થશે, સૌ એકબીજાની સાથે ટકરાશે, એકબીજાને મારવા મથશે. અને પરિણામે આતંકીઓ જ આતંકીઓને મારશે. અને તેમની વસ્તી ઓછી થશે. આમ છતાંય વિશ્વના સુપર દેશોએ પણ સાથે મળીને વિચારવું જોઈએ કે હવે આ તાલિબાનોનો ઉકેલ કંઈ રીતે લાવવો ? કેમ કે આખા વિશ્વ ઉપર પરમાણું વિસ્ફોટોનો ભય રહેવાનો જ છે. પાકિસ્તાન ગમે તે ભોગે તાલિબાનીઓને ઉશ્કેરશે જ અને હિંદુસ્તાનમાં આતંકી હૂમલાઓ કરાવશે. જેમાં ચીન પણ ચૂપચાપ સાથ આપશે. આવા સમયે હિંદુસ્તાનની ભૂમિકા શું હોવી જોઈએ ? પ્રજા અને સરકારની ભૂમિકા અંગે વિચારણાઓ, ચર્ચાઓ થવી જોઈએ. કેમ કે આ સમય હવે જાગવાનો છે.

હિંદુસ્તાનની પ્રજા જો હવે નહીં જાગે તો અહીં પણ તાલિબાની રાજ આવતા કોઈ રોકી નહીં શકે. વિશ્વ આખું એક ગ્લોબલ ગામ બની રહ્યું છે, સર્વ ધર્મ સમભાવથી વિશ્વના વિકાસશીલ દેશો એકબીજાની સાથે વ્યાપાર, વ્યવહાર કરી રહ્યા છે ત્યારે કોઈ એક ધર્મ કે એક કાનૂનથી દેશ કે દુનિયા ના ચલાવી શકાય અને આ આતંકીઓને એક ધર્મ અને એક કાનૂનથી વિશ્વ ઉપર રાજ કરવું છે. જો બધા દેશો એક બનીને આ તાલિબાની વિચારધારાનો નાશ નહીં કરે તો ધીમે ધીમે આ તાલિબાનો અફઘાનિસ્તાનની જેમ નાના નાના દેશો પર આક્રમણ કરીને પોતાના કબ્જામાં લઈ પોતાની તાકાત વધારતા જશે. અને આ રેલો કેટલાક વર્ષો પછી મોટા મોટા દેશોના પગ નીચે પણ આવશે. તેથી જો અત્યારથી નહીં જાગે તો એના પરિણામો દરેક દેશોની પ્રજાએ ભોગવવા પડશે. તેથી હવે નાની નાની લાલચોને બાજુએ રાખીને દરેક દેશોની પ્રજાએ યોગ્ય વ્યક્તિને ચૂંટીને પોતાના દેશની સમાજની અને પરિવારની સુરક્ષા નિશ્ચિત કરવી પડશે. આ સમય રાષ્ટ્રવાદ જગાવવાનો છે. રાષ્ટ્રહિતને ધ્યાનમાં રાખીને બધી પ્રવૃત્તિઓ થવી જોઈએ. જો રાષ્ટ્ર જ સુરક્ષિત નહી હોય, તાલિબાનીઓના કબજામાં હશે તો ગમે તેટલી સંપતિ હશે, બંગલા ગાડી કે બેંક બેલેન્સ હશે બધુ લૂંટાઈ જવાનું છે. ભોજનના એક એક ટંક માટે તરસવું પડશે. કેમ્પોમાઇ રહેવું પડશે. તેથી પહેલા રાષ્ટ્ર સુરક્ષિત હશે તો સમાજ અને પરિવાર પણ સુરક્ષિત રહેશે. તેથી હવે "પહેલા મારો પરિવાર, મારો સમાજ એવું વિચારવાને બદલે મારું રાષ્ટ્ર " એવું વિચારવું પડશે. નહિતર આવનારા વર્ષોમાં ઠેર ઠેર તાલિબાનીઓના આતંકી હૂમલાઓથી અનેક દેશો અને ધર્મો પોતાનું અસ્તિત્વ ખોઈ બેસશે.

# 'કેમ છો ?' 'મજામાં?'

રઝળપાટ
અજય ઉપાધ્યાય

" ઓચિંતુ કોઈ મને રસ્તે મળે, ને ધીરેથી પૂછે કે કેમ છે... આપણે તો કહીએ કે દરિયાશી મૌજમાં, ને ઉપરથી કુદરતની રહેમ છેપ " ધ્રુવદાદા ( ધ્રુવ ભટ્ટ ) ની આ આખીએ કવિતા આમ તો વિપરીત પરિસ્થિતીમાં પણ કેમ ' મોજમાં રેવું ' એના પર જ છે જેનો ધ્રુવીય ભાવાર્થ તો એમ જ થાય કે કોઈ પૂછે કે ' કેમ છો ?' અને એનો જે જવાબ મળે એ છે આ દરિયાશી મૌજ ની વાત પણ શું ખરેખર કોઈને એમ પૂછીએ કે ' કેમ છો ?' ને બદલામાં મળતો જવાબ 'મજામાં' સંપૂર્ણ સાચો હોય છે ખરો ? આમ તો શું છે કે મજામા રહેવાના દરેકના પોતપોતાના કારણો અને વિચારો હોય છે. પરિસ્થિતી કે સંજોગો મુજબ આ 'મજા માં' જુદી જુદી રીતે રિફલેક્ટ કે પછી ઉત્તરમાં ડોકાતો હોય છે. ઘણાને પૂછીએ કે 'કેમ છો ?' તો જવાબમાં 'ચાલ્યા કરે છે ' આવું આવે ત્યારે પ્રશ્નકર્તા વિચારમાં પડી જાય કે મજામાં છે કે નહીં ? ખબર ના પડે કે મજામાં છે કે પછી આપવા ખાતર જ જવાબ આપી દીધો...!!!! જો કે ઘણાને ' કેમ છો ?લ્ન પૂછીએ તો લાંબી કહાની સંભળાવી દેતા હોય છે એ અલગ વાત છે ( ' રોદ્રણા રોતા હોય છે ' એવું કોણ બોલ્યું ??!!! ) , અને એવાથી ' કેમ છો ?' પૂછવામાં પણ ધ્યાન રાખવું પડે..!!!!! ઘણા તો ' કેમ છો ?...મજામાં ને ? ' આમ કહીને સવાલ-જવાબ પોતે જ આપી દેતા હોય છે

રોજબરોજ માં આ ' કેમ છો ? ' રૂપી ખતરનાક સવાલનો હું ને તમે રોજ સામનો કરતાં હોઈએ છીએ, અને જવાબમાં ' મજામાં '...' ફર્સ્ટ ક્લાસ '....' આનંદમાં '.....જેવા જવાબો મળતા કે આપતા રહેતા હોઈએ છીએ. માર્ક કરજો કે કોઈને પૂછીએ કે ' કેમ છો ? ' તો જો એના જવાબમાં ' મજામાં ' સિવાય બીજો કોઈ ઉત્તર આવે તો શું આપણે એને ગંભીરતાથી લઈએ છીએ ? શું આપણે એ અલગ ઉત્તરના પાછળના કારણો જાણવાની કોશિશ કરીયે છીએ ? બિલકુલ નહીં કેમકે આપણે એ સિવાયના ઉત્તરને યંત્રવત સાંભળીને આગળ વધી જતાં હોઈએ છીએ. કેમ કે ' મજા માં ' એ જ તો અપેક્ષિત ઉત્તર હોય છે આપણા માટે. અને આમ પણ કેટલો કે કેટલી મજામાં છે એ તો ઉત્તર આપનાર જ જાણતા હોય છે. પેલું કહે છે ને કે ' મ્હાયલો ગુણ મહાદેવ જાણે ' એ ન્યાયે મજામાં છે કે નહીં એ તો ઉત્તર આપનારને જ ખબર હોય. પણ વાત એ છે કે તો પછી ' કેમ છો ?' નો સાચો ઉત્તર મળ્યો કે નહીં એ કેમ જાણવું ? સી, જો કોઈની આપણે ખબરઅંતર પૂછતા હોઈએ તો સ્વાભાવિક છે કે આપણો ઈરાદો એના હાલ-ચાલ વિષે સાચી માહિતી મેળવવાનો જ હોય. અહી વાત તબિયતના ખબત-અંતરની નથી કેમકે એમાં તો જવાબ ' મજામાંલ્ન આવે કે ના આવે પણ તબિયત કેવી છે એનો ઉત્તર તો આવે જ અને આ તો દૈહિક સ્થિતિની વાત થઈ. આપણે તો ' કેમ છો ? ' પૂછીને સામેવાળાની માનસિક કે સામાજિક સ્થિતિનો જવાબ માંગીએ છીએ. જો કે ઘણીવાર ઉપરછ્લ્લુ ' કેમ છો ? ' પણ થતું જ હોય છે. પેલું કહે છે ને ' ફોરમાલિટી '...હા બસ